ટોરંટોમાં રથયાત્રામાં સામેલ શ્રદ્ધાળુઓ પર ઈંડા ફેંકવામાં આવ્યા

ટોરંટો, તા. 14: ટોરંટોમાં નીકળેલી રથયાત્રામાં તણાવ ફેલાયો હતો જ્યારે અજાણ્યા શખ્સો દ્વારા શ્રદ્ધાળુઓ પર ઈંડા ફેંકવામાં આવ્યા હતા જેના પગલે ભારે રોષ ફેલાયો હતો અને જાતિવાદ અને વિદેશીઓ પ્રત્યે દ્વેષના આરોપો લગાવવામાં આવ્યા હતા. એક સોશિયલ મીડિયા યુઝરે એક વીડિયો અપલોડ કર્યા પછી આ ઘટના સામે આવી હતી જેમાં ટોરોન્ટોના માર્ગો પર ભક્તો ભક્તિ ગીતો ગાતા દેખાય છે જ્યારે નજીકની ઈમારતમાંથી કોઈએ તેમના પર ઈંડા ફેંક્યા હતા.

'નજીકની ઈમારતમાંથી કોઈએ અમારા પર ઈંડા ફેંક્યા.. કેમ? કારણ કે શ્રદ્ધા ઘોંઘાટ કરે છે? કારણ કે અમારો આનંદ તેમના માટે અજાણ્યો હતો? અમે અટક્યા નહીં. કારણ કે જ્યારે ભગવાન જગન્નાથ શેરીઓમાં ફરે છે, ત્યારે કોઈ નફરત અમને હચમચાવી શકતી નથી', એમ ઈન્સ્ટાગ્રામ યુઝર સંગ્ના બજાજે કહ્યું.

યમનમાં ભારતીય નર્સને મોતની સજા મુદ્દે કેન્દ્રએ હાથ ઉંચા કર્યા

સરકારે સુપ્રીમમાં કહ્યું સરકાર શક્ય તેટલું કરી રહી છે, યમનની સ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ કંઈ કરી શકાય તેમ નથી

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): કેન્દ્ર સરકારે સોમવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે યમનમાં હત્યાના આરોપમાં 16 જુલાઈના રોજ ફાંસીની સજાનો સામનો કરી રહેલી ભારતીય નર્સને બચાવવા માટે તે 'શક્ય તેટલું' બધું કરી રહી છે, પરંતુ યમનની સ્થિતિને ધ્યાનમાં રાખીને 'કંઈ ખાસ' કરી શકાય તેમ નથી.

'ભારત સરકાર એક સીમા સુધી જઈ શકે છે અને અમે તે સીમા સુધી પહોંચી ગયા છીએ', એમ એટર્ની જનરલ આર વેંકટરમણીએ જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચને કહ્યું હતું.

ટોચના કાયદા અધિકારીએ કહ્યું કે સરકાર તેના નાગરિકોને બચાવવા માટે આતુર છે અને આ મામલે 'શક્ય તેટલું' કરી રહી છે.

'યમનની સંવેદનશીલતા અને સ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારત સરકાર વધુ કંઈ કરી શકતી નથી', એમ તેમણે કહ્યું.

તેમણે યમનમાં હુતીઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે તેમને રાજદ્વારી રીતે પણ માન્યતા આપવામાં આવી નથી.

કેરળના પલક્કડ જિલ્લાની નર્સ પ્રિયાને 2017માં તેના યમનના વ્યવસાયિક ભાગીદારની હત્યા માટે દોષી ઠેરવવામાં આવી હતી. તેને 2020માં મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી, અને 2023માં તેની અંતિમ અપીલ ફગાવી દેવામાં આવી હતી.

ગજપતિ રાજુ ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરાયા, કવિન્દર ગુપ્તાને લડાખના એલજી બનાવાયા

પશ્ચિમ બંગાળના ભાજપ નેતા અશીમ કુમાર ઘોષ હરિયાણાના નવા રાજ્યપાલ બનશે

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): સોમવારે ભૂતપૂર્વ નાગરીક ઉડ્ડયન મંત્રી પુષ્પતિ અશોક ગજપતિ રાજુને ગોવાના રાજ્યપાલ તરીકે અને જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી કવિંદર ગુપ્તાને લડાખના નવા લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળના વરિષ્ઠ ભાજપ નેતા અશીમ કુમાર ઘોષ હરિયાણાના નવા રાજ્યપાલ બનશે,એમ એક સત્તાવાર જાહેરાતમાં જણાવવામાં આવ્યું હતું. આ નિમણૂકો તેઓ તેમના સંબંધિત કાર્યાલયનો કાર્યભાર સંભાળે તે તારીખથી અમલમાં આવશે, એમ તેમાં જણાવાયું છે. આંધ્રપ્રદેશના દિગ્ગજ તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) નેતા રાજુ ગોવાના રાજ્યપાલ તરીકે પી.એસ. શ્રીધરન પિલ્લઈના સ્થાને આવશે. પિલ્લઈએ 15 જુલાઈ, 2021ના રોજ ગોવાના રાજ્યપાલ તરીકે શપથ લીધા હતા. 74 વર્ષીય રાજુ 27 મે, 2014 અને 10 માર્ચ 2018 વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હેઠળ નાગરીક ઉડ્ડયન મંત્રી રહ્યા હતા. તેમણે આંધ્ર પ્રદેશ સકરાકમાં પણ મંત્રી પદે રહી ચુક્યા છે. લડાખના નવા નિયુક્ત કરાયેલા લે. ગવર્નર ગુપ્તા જમ્મુ કાશ્મીરથી ભાજપના વરિષ્ઠ નેતા છે. તેઓ અગાઉના જમ્મુ કાશ્મીર રાજ્યમાં નાયબ મુખ્યમંત્રી અને સ્પીકરના પદે રહી ચુક્યા છે.

બ્રિટનના એરપોર્ટ પરથી વિમાન ઉડતાની સાથે તૂટી પડ્યું, ચારનાં મોત

તૂટી પડ્યા બાદ તુરંત જ વિમાનમાં આગ લાગી

લંડન, તા. 14: રવિવારે બપોરે ઈંગ્લેન્ડના દક્ષિણપૂર્વ કિનારે લંડન સાઉથેન્ડ એરપોર્ટ પર એક નાનું વિમાન ટેક ઓફ કરતાની સાથે જ તૂટી પડ્યું હતું અને બાદમાં તેમાં આગ લાગી હતી, આ અકસ્માતમાં 4 વિદેશી નાગરીકોનાં મોત થયાં હતાં. આ ઘટનાના પગલે એરપોર્ટથી ઉપડતી તમમા ફ્લાઈટ રદ કરવામાં આવી હતી અને તેને આગામી સુચના સુધી બંધ કરવામાં આવ્યું હતું, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

આ મેડિકલ વિમાન નેધરલેન્ડની કંપની ઝીઉશ એવિએશન દ્વારા સંચાલિત હતું અને આઈટી અબજપતિ કોન ઝ્વીન્કેલ્સની માલિકીનું હતું.

એસેક્સ પોલીસે જણાવ્યું હતું કે સાંજે 4 વાગ્યા પહેલાં તેમને અહેવાલ મળ્યા હતા કે 'સાઉથેન્ડ-ઓન-સી'માં 12-મીટર જનરલ એવિએશન વિમાનમાં આગ લાગી છે.

ટ્રમ્પે રશિયાને પણ ટેરિફની ધમકી આપી: 50 દિવસમાં યુક્રેન યુદ્ધ પર સોદો કરવા કહ્યું

યુદ્ધમાં સમાધાન કરવા માટે ટેરિફ બહુ સારી વસ્તુ છે

પુટિન બહુ સારી વાતો કરે છે પણ બાદમાં રાત્રે લોકો પર બોમ્બ ફેંકે છે: ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. 14 (એપી): પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું હતું કે જો યુક્રેનમાં યુદ્ધ સમાપ્ત કરવા માટેનો સોદો 50 દિવસમાં નથી થતો તો તેઓ રશિયા પર ટેરિફ લગાવીને દંડ કરશે.

રિપબલ્કિન પ્રમુખે આ જાહેરાત ઓવલ ઓફિસમાં નાટોના મહાસચિવ માર્ક રુટ્ટે સાથેની બેઠક દરમિયાન કરી હતી.

'અમે બહુ ભારે ટેરિફ લાદીશું જો 50 દિવસની અંદર કોઈ સોદો નહીં થાય, એમ ટ્રમ્પે કહ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું ન હતું કે ટેરિફ કઈ રીતે લાગુ કરવામાં આવશે.

'હું વેપારનો ઉપયોગ ઘણી બધી બાબતો માટે કરું છું. પણ યુદ્ધમાં સમાધાન કરવા માટે આ બહુ સારી વસ્તુ છે', એમ તેમણે કહ્યું.

દરમિયાન યુક્રેન અને રશિયા માટેના ટ્રમ્પના ખાસ દૂતે સોમવારે કિવમાં યુક્રેન પ્રમુખ વોલોદીમીર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી, જ્યારે ત્રણ વર્ષના યુદ્ધ પર ટ્રમ્પ વહીવટીતંત્રની નીતિમાં સંભવિત ફેરફારની અપેક્ષાઓ વધી છે.

રુટ્ટે અમેરિકી સંરક્ષણ મંત્રી હેગસેથ અને વિદેશ મંત્રી માર્કો રુબિયો તેમજ કોંગ્રેસના સભ્યો સાથે પણ વાટાઘાટો કરવાના છે.

'હું પ્રમુખ પુતિનથી નિરાશ થયો છું, મને લાગતું હતું કે તે પોતે કહેવું કરે છે. તેઓ બહુ સારી વાતો કરે છે પણ બાદમાં રાત્રે લોકો પર બોમ્બ ફેંકે છે. અમને તે પસંદ નથી', એમ ટ્રમ્પે રવિવારે કહ્યું હતું.

વેપાર કરાર માટે ભારત-અમેરિકા વચ્ચે મંત્રણા જોશભેર ચાલી રહી છે: ગોયલ

ભારતીય ટીમ વોશિંગ્ટનમાં, ગુરુવાર સુધી આ વાટાઘાટો ચાલશે

નવી દિલ્હી, તા. ૧૪(પીટીઆઈ): વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત વેપાર કરાર માટે વાટાઘાટો ઝડપી ગતિએ ચાલી રહી છે.

દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કા પર વાટાઘાટોના આગામી રાઉન્ડ માટે ભારતીય ટીમ વોશિંગ્ટન પહોંચી ગઈ છે.

હાશ...છૂટ્યા!

આસામની એક વ્યક્તિએ છૂટાછેડાની ઉજવણી માટે 40 લિટર દૂધથી સ્નાન કર્યું

નલબારી (આસામ), તા. ૧૪ (પીટીઆઈ) : આસામના નલબારી જિલ્લામાં એક પુરુષે પોતાની આઝાદી ઉજવવા માટે દૂધથી સ્નાન કર્યું હતું. આ અનોખી ઉજવણીનો વીડિયો રેકોર્ડ કર્યો હતો. માનિક અલીના તેની પત્નીથી છૂટાછેડા થતાં તેની ઉજવણી કરી રહ્યો હતો, જે લગ્નેત્તર સંબંધોને કારણે ભાગી ગઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા આ વીડિયોમાં અલીને એમ કહેતા સાંભળી શકાય છે કે, ''હું આજથી આઝાદ છું.'' બોરોલિયાપરાના રહેવાસી અલીએ દાવો કર્યો હતો કે, તેની પત્ની બે વાર ભાગી ગઈ હતી અને તેણે તેની સગીર પુત્રી માટે બંને વખત પાછા ફરવા માટે તેને સમજાવી હતી. પરંતુ અનિશ્ચિતતામાં જીવવા માટે અસમર્થ દંપતીએ છૂટાછેડા માટે કાનૂની રસ્તો અપનાવ્યો હતો, જે બે દિવસ પહેલા મંજૂર કરવામાં આવ્યો હતો. અલીને તેના સત્તાવાર છૂટાછેડાના સમાચાર મળતાં જ તેણે આ અનોખી રીતે આ પ્રસંગ ઉજવવાનું નક્કી કર્યું. અલીએ ચાર ડોલમાં ૪૦ લિટર દૂધ ભેગું કર્યું અને તેનાથી તેણે સ્નાન કર્યું, વારંવાર કહેતો રહ્યો કે, ''હું આજથી આઝાદ છું.''

શહીદોને શ્રદ્ધાંજલિ આપવા ઓમર અબ્દુલ્લા કબ્રસ્તાનના દરવાજા પર ચઢી ગયા

શ્રીનગર, તા. 14 (પીટીઆઈ): 1931માં ડોગરા સેના દ્વારા માર્યા ગયેલા 22 લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સોમવારે નક્શબંદ સાહિબ કબ્રસ્તાનના દરવાજા પર ચઢ્યા હતા અને કહ્યું હતું કે તેમને 'શારીરિક રીતે પકડવામાં' આવ્યો હતો પરંતુ તેઓ અટકવાના નથી.

13 જુલાઈના રોજ શહીદ દિવસ નિમિત્તે કબ્રસ્તાનમાં જતા અટકાવવા માટે અબ્દુલ્લા અને નેશનલ કોન્ફરન્સ અને વિરોધ પક્ષોના અનેક નેતાઓને કથિત રીતે નજરકેદ કરવામાં આવ્યાના એક દિવસ પછી આ નાટકીય ઘટનાક્રમ બન્યો હતો.

નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારુક અબ્દુલ્લા ખાન્યાર ક્રોસિંગથી શહીદ સ્મારક સુધી ઓટોરિક્ષામાં ગયા હતા જ્યારે શિક્ષણ મંત્રી સકીના ઈટ્ટુએ સ્કૂટી પર પાછળ બેસીને સ્મારક સુધી પહોંચીને બધાને આશ્ચર્યમાં મૂક્યા હતા.

પેજ 3

રણવીર સિંહ અને સંજય લીલા ભણસાલી વચ્ચે મતભેદ

મુંબઈ, તા. 14: 'લવ એન્ડ વોર' ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ન આપવાને કારણે અભિનેતા રણવીર સિંહ અને દિગ્દર્શક સંજય લીલા ભણસાલી વચ્ચે મતભેદ થયાના અહેવાલ છે. એક અહેવાલ મુજબ, રામલીલા, પદ્માવત અને બાજીરાવ મસ્તાની જેવી હિટ ફિલ્મો આપ્યા પછી, રણવીર સિંહ સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મમાં લીડ રોલ ન કરવા બદલ નારાજ છે. સંજય લીલા ભણસાલીની લવ ટ્રાઈએન્ગલ ફિલ્મમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિક્કી કૌશલ મુખ્ય ભૂમિકામાં છે. અહેવાલ મુજબ, રણવીરને બીજી મુખ્ય ભૂમિકાની ઓફર કરવામાં આવી હતી, જેને અભિનેતાએ નકારી કાઢી હતી. પછી આ ભૂમિકા વિક્કી કૌશલને સોંપવામાં આવી. તેમના મતભેદને કારણે ભણસાલીને રણવીર સિંહના જન્મદિવસની પાર્ટીમાં પણ આમંત્રણ આપવામાં આવ્યું ન હતું.

દક્ષિણ ભારતનાં પીઢ અભિનેત્રી બી સરોજા દેવીનું નિધન

નવી દિલ્હી, તા. 14: દક્ષિણ ભારતનાં પીઢ અભિનેત્રી બી સરોજા દેવીનું સોમવારે બેંગલુરુના મલ્લેશ્વરમમાં તેમના નિવાસસ્થાને 87 વર્ષની વયે નિધન થયું હતું. અહેવાલો મુજબ, દિગ્ગજ સ્ટાર હાલના મહિનાઓમાં વય-સંબંધિત સ્વાસ્થ્ય સમસ્યાઓ સામે લડી રહ્યા હતાં.

સરોજા દેવીએ તેમની શાનદાર કારકિર્દી દરમિયાન અનેક સ્નેહપૂર્ણ ઉપનામ મેળવ્યા હતા. તમિલ સિનેમામાં તેમને પ્રેમથી કન્નડથુ પેઇન્ગીલી (કર્ણાટકનો પોપટ) તરીકે ઓળખવામાં આવતાં હતાં, જ્યારે કન્નડ ફિલ્મ ઉદ્યોગમાં તેમને અભિનય સરસ્વતી નામથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. માત્ર 17 વર્ષની ઉમરે ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કરનાર સરોજા દેવીએ 1955માં કન્નડ ફિલ્મ મહાકવિ કાલિદાસથી નોંધપાત્ર શરૂઆત કરી હતી. ફિલ્મમાં તેમના શક્તિશાળી અભિનયથી તેમને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. તેમને કન્નડ સિનેમાની પ્રથમ મહિલા સુપરસ્ટાર તરીકે માનવામાં આવતાં હતાં, તેમણે બહુ ઝડપથી પ્રસિદ્ધિ મેળવી હતી.

ધર્મશાલામાં પેરાગ્લાઈડિંગ તૂટી પડતા ગુજરાતના ટુરિસ્ટનું મોત

આ વર્ષે જાન્યુઆરીમાં ગુજરાતના અન્ય એક ટુરીસ્ટનું પણ પેરાગ્લાઈડિંગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું

નવી દિલ્હી, તા. 14: રવિવારે હિમાચલના ધર્મશાલામાં લોકપ્રિય ઈન્દ્રુ નાગ પેરાગ્લાઈડિંગ સાઈટ પરથી ટેકઓફ કર્યા પછી તરત જ પેરાગ્લાઈડરે કાબુ ગુમાવતા પેરાગ્લાઈડીંગ ફ્લાઈટ તૂટી પડી હતી જેમાં ગુજરાતના રહેવાસી સતીશ રાજેશનું મોત થયું હતું જ્યારે પાઈલટ સૂરજ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

અહેવાલ મુજબ પેરાગ્લાઈડર લિફ્ટ ઓફ કર્યા પછી થોડીવારમાં જ ખીણમાં પડી ગયું હતું. આ અકસ્માતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

અકસ્માતમાં સતીશને ગંભીર ઈજાઓ થઈ હતી. તેને પહેલા ધર્મશાળાની ઝોનલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને બાદમાં કાંગડાની ટાંડા મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યો હતો, જ્યાં સોમવારે તેનું મોત નીપજ્યું હતું. પાઈલટ સૂરજ હાલમાં સારવાર હેઠળ છે.

શહેરના વરિષ્ઠ પોલીસ અધિકારી હિતેશ લખનપાલે પુષ્ટિ આપી છે કે પીડિતના પરિવારને જાણ કરવામાં આવી છે અને પોસ્ટમોર્ટમ પ્રક્રિયાઓ પૂર્ણ થયા પછી મૃતદેહ સોંપવામાં આવશે. અકસ્માતનું કારણ અને કોઈ બેદરકારી કે સુરક્ષા પ્રોટોકોલનો ભંગ થયો છે કે કેમ તે નક્કી કરવા માટે સંપૂર્ણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

આ વર્ષના જાન્યુઆરીમાં, ગુજરાતના અન્ય એક ટુરીસ્ટ ભાવસાર ખુશીનું પણ પેરાગ્લાઈડિંગ સાઈટ પર ડ્રાઈવર સાથેની ફ્લાઈટ દરમિયાન પડી જવાથી મૃત્યુ થયું હતું. તે જ મહિનામાં આ ક્ષેત્રમાં બે વધુ જીવલેણ પેરાગ્લાઈડિંગ અકસ્માતો થયા હતા.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

छीपवाड शाखा : घर नं.८/१९३९, गोविंदजी मंदिर सामे, छीपवाड, सुरत–३९५००२ फोन –०२६१ २४३८७९१
email : chhipw@bankofbaroda.com

[सीक्युरीटी इन्टरेस्ट (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ,૨૦૦૨ના [રૂલ ૮(૧)] હેઠળ કબ્જા નોટીસ (સ્થાયી મિલકત માટે

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૮.૦૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી ખુબચંદ મહાવીરપ્રસાદ સૈની (માલિક, દેવાદાર અને ગીરવેદાર) શ્રી અંશુલ ખુબચંદ સૈની (જામીનદાર) અને શ્રીમતી ઉષાકિરણ (જામીનદાર) મેસર્સ રૂપલ સીલ્ક મીલ્સ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૭૪,૧૦,૩૮૨.૯૪/– (અંકે રૂપિયા ચુમ્મોત્તેર લાખ દસ હજાર ત્રણસો બ્યાંસી અને ચોરણું પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૧૩ મી જુલાઈ ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે. (નીચે દર્શાવેલ મિલકત ઈ–ઓક્શનમાં વેચાઈ ગઈ છે તેથી આ કલમ લાગુ પડતી નથી)

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,**ની રકમ **રૂા.૭૪,૧૦,૩૮૨.૯૪** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

— સ્થાયી મિલકતનું વર્ણન —

૧. તમામ ભાગા હિસ્સો ધરાવતી મિલકત કે જે 'મોડેલ ટાઉન' ના નામે જાણીતા કોમ્પલેક્ષનો બિલ્ડીંગ નં.– ૪ (પાસ થયેલ પ્લાન મુજબ બિલ્ડીંગ નં. ૧૭) નો બીજા માળનો ફ્લેટ નં. ૭ જેનું સુપર બિલ્ટઅપ માપ ૫૬૩.૦૦ ચો.ફુટ એટલે કે ૫૨.૩૨ ચો.મીટર કોમ્પલેક્ષ અને આ બિલ્ડીંગ ના વણવહેંચાયેલ મિલકતના હિસ્સા સહિતે પ્રોજેક્ટ બિનખેતી જમીન સર્વેનં. ૬૨/૧ પૈકી (બ્લોક ૯૭, સીટી સર્વે નં. ૬૩૫, ટી.પી. સ્કીમ નં. ૩૩ (ડુંભાલ) ફાઈનલ પ્લોટ નં. ૫૦) મોજે ગામ. ડુંભાલ, સબ ડીસ્ટ્રીકટ : સુરત શહેર, (નવો સબ ડિસ્ટ્રીકટ ઉધના) જીલ્લો : સુરત ખાતે આવેલ છે.

૨. તમામ ભાગા હિસ્સો ધરાવતી મિલકત કે જે 'મોડેલ ટાઉન' ના નામે જાણીતા કોમ્પલેક્ષનો બિલ્ડીંગ નં.– ૪ (પાસ થયેલ પ્લાન મુજબ બિલ્ડીંગ નં. ૧૭) નો બીજા માળનો ફ્લેટ નં. ૮ જેનું સુપર બિલ્ટઅપ માપ ૫૬૩.૦૦ ચો.ફુટ એટલે કે ૫૨.૩૨ ચો.મીટર કોમ્પલેક્ષ અને આ બિલ્ડીંગ ના વણવહેંચાયેલ મિલકતના હિસ્સા સહિતે પ્રોજેક્ટ બિનખેતી જમીન સર્વેનં. ૬૨/૧ પૈકી (બ્લોક ૯૭, સીટી સર્વે નં. ૬૩૫, ટી.પી. સ્કીમ નં. ૩૩ (ડુંભાલ) ફાઈનલ પ્લોટ નં. ૫૦) મોજે ગામ. ડુંભાલ, સબ ડીસ્ટ્રીકટ : સુરત શહેર, (નવો સબ ડિસ્ટ્રીકટ ઉધના) જીલ્લો : સુરત ખાતે આવેલ છે.

ચતુર્દિશા : **પૂર્વ તરફ** : આંતરીક રોડ અને બિલ્ડીંગ નં.૧૩, **પશ્ચિમ તરફ** : દાદર અને પેસેજ, **ઉત્તર તરફ** : માર્જીનની જગ્યા અને બિલ્ડીંગ નં.૩, **દક્ષિણ તરફ** : માર્જીનની જગ્યા અને બિલ્ડીંગ નં.૫ આવેલ છે.

તા.૧૩.૦૭.૨૦૨૫ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, છીપવાડ શાખા.**

cello

નોંધણીકાર્યાલય: ૫૯૭/૨એ, સોમનાથ રોડ, દાભેલ, નાની દમણ, દમણ અને દીવ - ૩૯૬ ૨૧૦. (ભારત) કોર્પોરેટ કાર્યાલય: સેલો હાઉસ, કોર્પોરેટ એવન્યુ, 'બી' વિંગ, ૮મો માળ, સોનાવાલા રોડ, ગોરેગાંવ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૩, (ભારત), ટેલિફોન નં.: ૦૨૨- ૬૯૯૭૦૦૦૦; CIN : L25209DD2018PLC009865

Email - grievance@celloworld.com; વેબસાઇટ - www.corporate.celloworld.com

સેલો વર્લ્ડ લિમિટેડની 7મી વાર્ષિક સામાન્ય સભા (AGM) અંગેની માહિતી વિડિઓ કોન્ફરન્સિંગ (''VC'') / અન્ય ઓડિયો-વિઝ્યુઅલ માધ્યમો (''OVAM'') દ્વારા યોજાશે

સભ્યો કૃપા કરીને નોંધ લે કે સેલો વર્લ્ડ લિમિટેડ ("કંપની")ના સભ્યોની 7મી વાર્ષિક સામાન્ય સભા ("AGM") શુક્રવાર, 08 ઓગસ્ટ, 2025ના રોજ બપોરે 01.30 (IST) વાગ્યે યોજાવાની છે. જે વિડીયો કોન્ફરન્સ ("VC") / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો ("OAVM") દ્વારા યોજાશે. (અહીં પછી "ઇલેક્ટ્રોનિક મોડ" તરીકે ઓળખાય છે) દ્વારા વ્યવસાય ચલાવવા માટે, જે AGM બોલાવવા માટે પ્રસારિત કરવામાં આવી રહી છે, કંપનીઝ એક્ટ, 2013 ("અધિનિયમ") ની લાગુ જોગવાઈઓ અને તેના હેઠળ બનાવેલા નિયમો સાથે વાંચવામાં આવેલ સામાન્ય પરિપત્ર નં. 14/2020 તારીખ 08 એપ્રિલ, 2020 અને આ સંદર્ભમાં જારી કરાયેલ અનુગામી પરિપત્રોનું પાલન કરે છે. નવીનતમ પરિપત્ર નં. 09/2028 તારીખ 25 સપ્ટેમ્બર, 2023ના રોજ કોર્પોરેટ બાબતોના મંત્રાલય ("MCA") (ત્યારબાદ સામૂહિક રીતે "MCA પરિપત્રો" તરીકે ઓળખાય છે) અને SEBI પરિપત્ર નં. SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ 05 જાન્યુઆરી, 2023 અને પરિપત્ર નં. SEBI/HO/CFD/CFD-PoD-2/P/CIR/2023/16 તારીખ 07 ઓક્ટોબર, 2023ના રોજ SEBI દ્વારા જારી કરાયેલ અને આ સંદર્ભમાં જારી કરાયેલા અન્ય પરિપત્રો, જે સભ્યોની ભૌતિક હાજરી વિના, ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા AGM યોજવાની મંજૂરી આપે છે.

સભ્યો ફક્ત ઇલેક્ટ્રોનિક માધ્યમથી જ AGMમાં હાજરી આપી શકે છે અને ભાગ લઈ શકે છે. AGMમાં જોડાવા માટેની સૂચનાઓ AGMની સૂચનામાં આપવામાં આવશે. કાયદાની કલમ 103 હેઠળ કોરમ ગણતરીના હેતુ માટે ઇલેક્ટ્રોનિક માધ્યમથી મીટિંગમાં હાજરી આપનારા સભ્યોની ગણતરી કરવામાં આવશે.

ઉપરોક્ત MCA અને SEBI પરિપત્રો અનુસાર, નાણાકીય વર્ષ 2024-25 માટે વાર્ષિક અહેવાલ સાથે AGMની સૂચના સમયાંતરે ઇલેક્ટ્રોનિક માધ્યમથી તે સભ્યોને મોકલવામાં આવી રહી છે જેમના ઇમેઇલ સરનામાં કંપની/ડિપોઝિટરી સહભાગીઓ અને/અથવા MUFG ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ("RTA") સાથે નોંધાયેલા છે. AGMની સૂચના અને વાર્ષિક અહેવાલની ભૌતિક નકલો તે સભ્યોને મોકલવામાં આવશે જેઓ grievance@celloworld.com પર ઇમેઇલ મોકલીને વિનંતી કરે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે AGMની સૂચના અને વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઇટ www.corporate.celloworld.com તેમજ BSE લિમિટેડની વેબસાઇટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ www.nseindia.com પર પણ ઉપલબ્ધ રહેશે.

ઇલેક્ટ્રોનિક ક્લિયરિંગ સિસ્ટમ (ECS) દ્વારા સીધા ડિવિડન્ડ પ્રાપ્ત કરવાની સુવિધા આપવા માટે સભ્યોને ડિવિડન્ડના ઇલેક્ટ્રોનિક ક્રેડિટનો વિકલ્પ પસંદ કરવા વિનંતી છે.

ડીમેટ ફોર્મમાં શેર ધરાવતા સભ્યોને તેમના સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ દ્વારા NSDL/CDSL ને વિગતો પ્રદાન કરવા વિનંતી છે.

જે સભ્યોએ તેમના બેંક ખાતાની વિગતો અપડેટ કરી નથી, તેમના માટે ડિવિડન્ડ વોરંટ/ડિમાન્ડ ડ્રાફ્ટ યોગ્ય સમયે તેમના નોંધાયેલા સરનામાં પર મોકલવામાં આવશે.

ઇમેઇલ સરનામાં નોંધણી/અપડેટ કરવાની રીત:

જો સભ્યએ કંપની/આરટીએ/ડિપોઝિટરીઝમાં તેમનું ઇમેઇલ સરનામું/બેંક ખાતાની વિગતો નોંધાવી ન હોય, તો નીચેની સૂચનાઓનું પાલન કરવાની રહેશે:

(i) ડીમેટ મોડમાં રાખેલા શેરના કિસ્સામાં:

સભ્ય કૃપા કરીને ડિપોઝિટરી સહભાગી ("ડીપી")નો સંપર્ક કરી શકે છે અને ડીપી દ્વારા અનુસરવામાં આવતી અને સલાહ આપવામાં આવેલી પ્રક્રિયા અનુસાર ડીમેટ ખાતામાં ઇમેઇલ સરનામું નોંધાવી શકે છે.

ઈ-વોટિંગ દ્વારા મતદાન કરવાની રીત:

કંપની તેના તમામ સભ્યોને વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં દર્શાવેલ તમામ ઠરાવો પર મતદાન કરવા માટે રિમોટ ઈ-વોટિંગ સુવિધા ("ઈ-વોટિંગ") પૂરી પાડી રહી છે. વધુમાં, કંપની વાર્ષિક સામાન્ય સભા દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મતદાન કરવાની સુવિધા પૂરી પાડી રહી છે. ઈ-વોટિંગ માટેની વિગતવાર પ્રક્રિયા વાર્ષિક સામાન્ય સભાની સૂચનામાં આપવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેર ખરીદે છે અને AGM ની નોટિસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ એટલે કે 01 ઓગસ્ટ